સમાજ સુરક્ષા ખાતાની દિવ્યાંગ ગ્રાન્ટ ઈન એઈડ સંસ્થાના કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ,
હુકમ ક્રમાંક- અપગ/૧૦૨૦૨૦/૩૧૫૪૭૪/છ.૧
સચિવાલય, ગાંધીનગર
તા.૦૭/૧૦/૨૦૨૦.

વંચાણે લીધા:-

(૧) નામદાર હાઈકોર્ટની એસ.સી.એ.નં. ૯૫૧૬/૨૦૧૮ના તા.૧૨/૧૨/૨૦૧૮નો ચુકાદો અને તે અન્વયે થયેલ કન્ટેમ્પ્ટ પીટીશન નં: ૪૫૦/૨૦૧૯ તેમજ એસ.સી.એ.નં. ૪૪૬૨/૨૦૧૯ના તા.૦૮/૦૪/૨૦૧૯નો ચુકાદો અને તે અન્વયે થયેલ કન્ટેમ્પ્ટ પીટીશન નં: ૧૧૯૦/૨૦૧૯ અને એસ.સી.એ.નં.૭૧૭૧/૨૦૨૦નો તા.૦૮/૦૬/૨૦૨૦નો ચુકાદો.

(૨) નાણાં વિભાગનો તા.૧૬/૦૮/૧૯૯૪નો ઠરાવ ક્રમાંક:પગર/૧૧૯૪/૪૫/મ.

(૩) નાણાં વિભાગનો તા.૧૪/૦૮/૧૯૯૮નો ઠરાવ ક્રમાંક:પગર/૧૦૯૮/૪૧/મ.

(૪) નાણાં વિભાગનો તા.૦૨/૦૭/૨૦૦૭નો ઠરાવ ક્રમાંક:પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ.

(૫) નાણાં વિભાગનો તા.૧૮/૦૨/૨૦૧૧નો ઠરાવ ક્રમાંક:પગર-૧૦૨૦૦૯-૫૬/પ.એ.(મ).

(૬) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૦૪/૦૯/૨૦૨૦નો સરખા ક્રમાંકનો ઠરાવ.

(૭) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૦૫/૦૨/૨૦૨૦ના પત્ર ક્રમાંક :અપગ/ ૧૦૨૦૧૮/૪૯૪૩૩૦/છ.૧.

(૮) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૧૮/૦૭/૨૦૨૦ના પત્ર ક્રમાંક: અપગ / ૧૦૨૦૨૦/૧૯૪૭૯૮/છ.૧

(૯) સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગનો તા.૨૮/૦૫/૨૦૦૪નો ઠરાવ ક્રમાંક:મકમ-૧૦૨૦૦૪-ખા-૬૩-છ.

(૧૦) નાયબ નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૨૧/૦૮/૨૦૨૦નો જા.નં.અપગ/૨૦-૨૧/૫૭૦.

(૧૧) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૨૯/૦૯/૨૦૨૦નો પત્ર જા.નં.અપગ/૨૦-૨૧/૬૨૯.

(૧૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૨૯/૦૯/૨૦૨૦નો પત્ર જા.નં.અપગ/૨૦-૨૧/૬૩૦.

(૧૩) નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરનો તા.૩૦/૦૯/૨૦૨૦નો પત્ર જા.નં.અપગ/૨૦-૨૧/૬૩૪.

## હુકમ:-

વંચાણે લીધેલ ક્રમાંક (૧) પરની પીટીશનોના નામ. હાઈકોર્ટના ચુકાદાઓ અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક (૭) અને (૮) પરના વિભાગોના પત્રોથી આ પીટીશનોના પીટીશનર ગ્રાન્ટ ઈન એઇડ સ્વૈચ્છિક સંસ્થાઓના શિક્ષકો/કર્મચારીઓને ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવાની સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવેલ છે, જે અન્વયે નાયબ નિયામકશ્રી, સમાજ સુરક્ષા દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૧૦) પરના પત્રથી આ પીટીશનરો પૈકી કુલ-૮૯ પીટીશનરોનું ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવા બાબતે દરખાસ્ત કરવામાં આવેલ. તા.૨૧/૦૮/૨૦૨૦ના રોજ વંચાણે લીધેલ ક્રમાંક (૯) પરના વિભાગના તા.૨૮/૦૫/૨૦૦૪ના ઠરાવ અન્વયે અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ની અધ્યક્ષ સ્થાને વિભાગના સમિતિ ખંડમાં બેઠક યોજાયેલ હતી. સમિતિ દ્વારા કેસો પરત્વે થયેલ ભલામણો નાણા વિભાગને સમર્થન આપવા દરખાસ્ત કરતાં નાણા વિભાગ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી (૫) તેમજ નાણા વિભાગના ઉચ્ચતર પગાર ધોરણના વખતો-વખતના ઠરાવોની અનુસૂચિ-૧ મુજબનું પગાર ધોરણ ઉચ્ચતર પગાર ધોરણ તરીકે સ્પષ્ટતા / શરતો સાથે મંજૂર કરવા મંજૂરી આપેલ છે, જે અન્વયે વંચાણે લીધેલ ક્રમાંક (૬) પરના વિભાગના તા.૦૪/૦૯/૨૦૨૦ના સરખા ક્રમાંકના ઠરાવથી ૭૫ કર્મચારીઓનું ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવામાં આવેલ છે.

દક્ષાબેન એન. જોષી, મદદનીશ શિક્ષકની દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુરી અંગેની નિયામકશ્રીની દરખાસ્તમાં શરત ચૂકથી ૨ દિવસની બિન પગારી રજાઓ ગણત્રીમાં ન લેતા વિભાગના તા.૦૪/૦૯/૨૦૨૦ હુકમ ક્રમ નં. ૩૫ ઉપર તા.૦૭/૦૮/૨૦૦૬થી દ્વિતીય ઉ.પ.ધો. મંજૂર કરવામાં આવેલ છે, માનદ મંત્રીશ્રી, મા શ્રવણવાણી મૂક બધિર વિદ્યાલય, પાલનપુરના તા.૨૮/૦૯/૨૦૨૦ના પત્ર તેમજ હિસાબી અધિકારી, પગાર ચકાસણી એકમ, ગાંધીનગરના તા.૧૪/૦૯/૨૦૨૦ના પત્રમાં જણાવ્યા મુજબ દક્ષાબેન એન. જોષી, મદદનીશ શિક્ષકનુ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજુર થયા બાદ તા.૦૬/૦૨/૧૯૯૮ અને તા.૦૭/૦૨/૧૯૯૮ એમ ૨ દિવસની બિન પગારી રજા ભોગવેલ હોઇ કપાત પગારી રજાની અસર આપી ઉચ્ચત્તર પગાર ધોરણ પાત્રતા તારીખ નક્કી કરી તે મુજબ દક્ષાબેન એન. જોષી, મદદનીશ શિક્ષકનુ દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ તા-૦૭/૦૮/૨૦૦૬ને બદલે તા-૦૯/૦૮/૨૦૦૬થી મંજુર કરવા બાબતે વંચાણે લીધેલ ક્રમાંક (૧૧) પરના તા.૨૯/૦૬/૨૦૨૦ના પત્રથી નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ છે, જેને ધ્યાને લઈ દક્ષાબેન એન. જોષી, મદદનીશ શિક્ષકનુ દ્વિતીય ઉ.પ.ધો તા-૦૭/૦૮/૨૦૦૬ને બદલે તા-૦૯/૦૮/૨૦૦૬થી મંજુર કરવામાં આવે છે.

શશીકલાબેન એમ. પંચોલી મદદનીશ શિક્ષકને સીસીસી+ પરિક્ષા પાસ કરેલ ન હોવાના કારણે તા.૨૦/૧૧/૨૦૦૬ના રોજ ૫૦ વર્ષ પૂર્ણ થતા વિભાગના તા.૦૪/૦૯/૨૦૨૦ હુકમ ક્રમ નં. ૩૫ ઉપર તા.૨૦/૧૧/૨૦૦૬થી દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવામાં આવેલ છે, માનદ્દ મંત્રીશ્રી, મા શ્રવણવાણી મૂક બધિર વિદ્યાલય, પાલનપુરના તા.૨૮/૦૯/૨૦૨૦ના પત્રમાં તેમજ હિસાબી અધિકારી, પગાર ચકાસણી એકમ, ગાંધીનગરના તા.૧૪/૦૯/૨૦૨૦ના પત્રમાં જણાવ્યા મુજબ સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૭/૨૦૧૩ના ઠરાવ તથા નાણા વિભાગના તા.૦૩/૧૧/૨૦૧૫ના પત્ર ક્રમાંક પગર/૧૦૨૦૧૫/ઓ/૫૫૦/મ થી તા.૩૦/૦૬/૨૦૧૩ પહેલા ઉ.પ.ધો મળવાપાત્ર હોય તે કર્મચારીને તા.૩૧/૧૨/૨૦૧૩ સુધી ૫૦ વર્ષ પૂર્ણ કરે તો તે કેસમાં પાત્રતા તારીખથી ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર થાય તે મુજબ શશીકલાબેન એમ. પંચોલી મદદનીશ શિક્ષકે પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળ્યા તા.૨૪/૧૧/૧૯૯૫ બાદ ૯૦ દિવસની બિન પગારી રજાઓ ભોગવેલ હોઇ બિન પગારી રજાઓ ગણત્રીમાં લેતા તા.૨૨/૦૨/૨૦૦૭ના રોજ ૨૦ વર્ષનુ દ્વિતીય ઉ.પ.ધો મળવાપાત્ર હોય તા.૦૬/૧૨/૨૦૦૯ના બદલે તા.૨૨/૦૨/૨૦૦૭ થી દ્વિતીય ઉપધો મંજૂરી અંગેનો સુધારેલ હુકમ કરવા બાબતે વંચાણે લીધેલ ક્રમાંક (૧૨) પરના તા.૨૯/૦૯/૨૦૨૦ના પત્રથી નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર દ્વારા દરખાસ્ત કરવામાં કરવામાં આવેલ છે, જેને ધ્યાને લઈ શશીકલાબેન એમ. પંચોલી મદદનીશ શિક્ષકનું દ્વિતીય ઉચ્ચત્તર પગાર તા.૦૬/૧૨/૨૦૦૯ના બદલે તા.૨૨/૦૨/૨૦૦૭ થી મંજૂર કરવામાં આવે છે.

નટવરભાઇ એસ. પટેલની નિમણૂંક તા.૦૧/૧૨/૧૯૮૨ છે. તેઓએ સમગ્ર નોકરી દરમ્યાન કોઇ બીન પગારી રજાઓ ભોગવેલ નથી પરંતુ લોકલ ફંડ દ્વારા શરતચુકથી સેવાપોથીમાં તા.૧૧/૧૨/૧૯૯૧એ નવ વર્ષ પૂર્ણ બતાવીને તા.૧૭/૧૨/૧૯૯૧ થી પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કર્યા હોવાના સહી સિક્કા કરેલ હતા, જે અંગે પીવીયુ કચેરીએ તા.૧૯/૦૯/૨૦૨૦ના પત્રથી સ્પષ્ટતા માંગતા જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રી, હિંમતનગરે શ્રી પટેલે નિમણૂંક તારીખથી પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મળવાપાત્ર તારીખ સુધી કોઇ બીન પગારી રજાઓ ભોગવેલ ન હોય તા.૦૧/૧૨/૧૯૮૨ થી નવ વર્ષ ગણતરી કરીને તા.૦૧/૧૨/૧૯૯૧ થી રિવાઇઝ્ડ પ્રથમ ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરીને પીવીયુ કચેરીના ચકાસણી કર્યાના સેવાપોથીમાં સહી સિક્કા કરાવેલ છે, જે વિગતો જોતા તેમજ માનદમંત્રીશ્રી, હિ.ના.સ.બેન્ક બહેરા મૂંગા વિદ્યાલય, હિંમતનગર સંસ્થાનો તા.૨૯/૦૯/૨૦૨૦ના પત્રની રજુઆત ધ્યાને લેતા નટવરભાઇ એસ. પટેલ ને દ્વિતિય ઉચ્ચત્તર પગાર ધોરણ તા.૦૧/૧૨/૨૦૦૨ થી મળવાપાત્ર હોય વિભાગના તા.૦૪/૦૯/૨૦૨૦ હુકમમાં ક્રમ નં.૯ ઉપર મંજૂર કરાયેલ દ્વિતિય ઉચ્ચત્તર પગાર ધોરણ તા.૧૧/૧૨/૨૦૦૨ ને બદલે તા.૦૧/૧૨/૨૦૦૨ નો સુધારો થઇ આવવાની વંચાણે લીધેલ ક્રમાંક (૧૩) પરના પત્રથી નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગર દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ છે, જેને ધ્યાને લઈ નટવરભાઇ એસ.

પટેલને તા.૧૧/૧૨/૨૦૦૨ ને બદલે તા.૦૧/૧૨/૨૦૦૨થી દ્વિતિય ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવામાં આવે છે.

વંચાણે લીધેલ ક્રમાંક (૨) થી (૫) પરના તેમજ વખતો-વખતના નાણા વિભાગના ઠરાવની જોગવાઈને આધીન રહીને પગાર બાંધણી અંગેના વિધિસરના હુકમો નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ગાંધીનગરે કરવાના રહેશે.

ઉક્ત તમામ કર્મચારીઓ પાસેથી "તેઓને મળેલ ઉચ્ચતર પગાર ધોરણ, જો પગાર બાંધણી વખતે કે ત્યારબાદ વધું રકમનું ચુકવણું થયેલ હોવાનું જણાશે, તો તે ચુકવણું પરત કરશે" તે મુજબની બાંહેધરી લેવાની રહેશે.

ઉક્ત તમામ ગ્રાન્ટ ઈન એઈડ કર્મચારીઓ સરકારી કર્મચારી જેવા જ લાભો મેળવતા હોઈ, સરકારી કર્મચારીઓને લાગુ પડતાં સેવા વિષયક નિયમો જેવા કે, શિસ્ત અને અપીલ નિયમો, બદલી, રજા, ખાનગી અહેવાલો તથા અન્ય નિયમો સરકારશ્રી નક્કી કરે તે પ્રમાણે બંધનકર્તા રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા.૩૧/૦૮/૨૦૨૦ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવેલ છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

patelDC

( ડી. સી. પટેલ )
ઉપ સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

પ્રતિ,

- અધિક મુખ્ય સચિવશ્રી (સા.ન્યા.)ના અંગત મદદનીશશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાયબ સચિવશ્રી (સેવા), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, બ્લોક નં-૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સંબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ ( મારફતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા )
- સંબંધિત જિલ્લા સમાજ સુરક્ષા અધિકારીશ્રીઓ ( મારફતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા )
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ.
- સંબંધિત કર્મચારીઓ ( મારફતે નિયામકશ્રી, સમાજ સુરક્ષા )
- ના.સે.અ. સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.